તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 08-Dec. 2024 સવારે : 7.45 થી 7.55

વાર : રવિવાર નેશનલ બુલેટિન

## આકાશવાણી સમાચાર રુપલ જાની વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને 2047 સુધીમાં વિકિસિત ભારતના લક્ષ્ય તરફ દેશની કૂચ પાછળનું બળ બનવાનું આહ્વાન કર્યું

2) ભારતે ક્ષય રોગ નાબૂદી ક્ષેત્રે અપનાવેલી બહુ આયામી 100 દિવસની ખાસ ઝુંબેશના લીધે ક્ષય રોગ સામેની લડત વધુ નિર્ણાયક બની છે.

3) સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજથી રશિયાના ત્રણ દિવસના પ્રવાસે છે.

4) સીરિયામાં વિદ્રોહી સેનાએ રાજધાની દમિશ્ક પર કબજો કરવા ઘેરાબંધી શરૂ કરી.

5) ઓમાનના મસ્કતમાં રમાઈ રહેલી જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે.

.....................................................................

## PM- BAPS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને 2047 સુધીમાં વિકિસિત ભારતના લક્ષ્ય તરફ દેશની કૂચ પાછળનું બળ બનવાનું આહ્વાન કર્યું છે.**

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

શ્રી મોદીએ જાહેરાત કરી હતી કે, યુવાનોને એક પ્લેટફોર્મ આપવા માટે આવતા મહિને "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ" યોજવામાં આવશે. જેમાં વિચારોની આપ-લે કરવાની છે.

પ્રધાનમંત્રી ગઈકાલે સાંજે ગુજરાતના અમદાવાદમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ (BAPS) સંસ્થાના સ્વયંસેવકો દ્વારા નિઃસ્વાર્થ સેવાના 50 વર્ષ પૂરા થયાની ભવ્ય ઉજવણી કાર્યકાર સુવર્ણ મહોત્સવમાં વર્ચ્યુઅલ સંબોધન કરી રહ્યા હતા. શ્રી મોદીએ કહ્યું કે, નાગરિકો સ્વચ્છ ભારત મિશન, કુદરતી ખેતી મિશન, પર્યાવરણ જાગૃતિ, બાળકીને શિક્ષિત કરવા અથવા આદિવાસી કલ્યાણ જેવા ક્ષેત્રોમાં રાષ્ટ્ર નિર્માણની ચળવળોમાં ભાગ લઈ રહ્યા છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તેઓ ઇચ્છે છે કે, તમામ BAPS સ્વયંસેવકો દર વર્ષે એક સંકલ્પને અનુસરે, જેમ કે રસાયણ મુક્ત ખેતી માટે એક વર્ષ સમર્પિત કરવું, વિવિધતામાં એકતાની ઉજવણી કરવી, ડ્રગના જોખમ સામે લડવું અને નદીઓને પુનર્જીવિત કરવી. તેમણે કહ્યું, “એક પેડ મા કે નામ” ચળવળ પણ વિશ્વભરમાં પ્રખ્યાત છે અને ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાથી રાષ્ટ્રની વિકાસ તરફની કૂચમાં વધુ ઉમેરો થશે. શ્રી મોદીએ ભુજ ભૂકંપ, કેરળ પૂર, ઉત્તરાખંડ ભૂસ્ખલન અને કોવિડ કટોકટી દરમિયાન સ્વયંસેવકોની નિઃસ્વાર્થ સેવાઓ માટે પણ પ્રશંસા કરી હતી. 28મી જાન્યુઆરી, 2024ના રોજ વર્ષભર ચાલનારી કાર્યકાર સુવર્ણ મહોત્સવની ઉજવણી શરૂ થઈ હતી અને ગઈકાલે સાંજે ગુજરાતનાં અમદાવાદમાં ભવ્ય સમાપન સમારોહ સાથે સમાપ્ત થઈ હતી.

.................................................................................

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# PM- NADDA TB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતે ક્ષય રોગ નાબૂદી ક્ષેત્રે અપનાવેલી બહુ આયામી 100 દિવસની ખાસ ઝુંબેશના લીધે ક્ષય રોગ સામેની લડત વધુ નિર્ણાયક બની છે. સોશિયલ મિડિયામાં શ્રી મોદીએ કહ્યું કે, ભારતે ક્ષય રોગના દર્દીઓને અપાતી સારવાર સઘન બનાવવી, જનભાગીદારી, અસરકારક નવી દવાઓ અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ જેવી બહુઆયામી બાબતોનો ક્ષય રોગ સામેની ખાસ ઝુંબેશમાં સમાવેશ કર્યો છે.

..............................................................................

# RAJNATH – RUSSIA

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજથી રશિયાના ત્રણ દિવસના પ્રવાસે છે. આ દરમિયાન, તેઓ મોસ્કોમાં રશિયાના સંરક્ષણ મંત્રી આંદ્રે બેલોસોવ સાથે સેના અને સૈન્ય ટેકનિકલ સહકાર અંગે ભારત-રશિયા આંતર સરકારી આયોગની 21મી બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. બંને નેતાઓ સૈન્ય અને ઔદ્યોગિક સહયોગ સહિત બંને દેશો વચ્ચેના સંરક્ષણ સંબંધોની સમીક્ષા કરશે. પરસ્પર હિતના ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ નવમી ડિસેમ્બરના રોજ કાલિનિનગ્રાદમાં યંત્ર શિપયાર્ડ ખાતે ભારતીય નૌકાદળના સૌથી નવા મિસાઈલ ફ્રિગેટ વિનાશક INS તુશીલનું તરતુ મુકશે.

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠી આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. શ્રી સિંહ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન શહીદ થયેલા રશિયન સૈનિકોના માનમાં મોસ્કોમાં સૈનિકોની કબર પર શ્રદ્ધાંજલિ આપશે. રશિયાની મુલાકાત દરમિયાન તેઓ ભારતીય સમુદાયને પણ મળશે.

..............................................................................

# SITHARAMAN - PRE BUDGET

કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે દિલ્હીમાં ખેડૂતોના વિવિધ સંગઠનો અને અગ્રણી કૃષિ અર્થશાસ્ત્રીઓ સાથે બેઠક યોજીને કેન્દ્રિય અંદાજપત્રને લગતી ચર્ચા-વિચારણા કરી હતી. આ બેઠકમાં નાણા રાજયમંત્રી પંકજ ચૌધરી, નાણાસચિવ અને આર્થિક બાબતોના વિભાગના સચિવ ઉપસ્થિત રહ્યા હતા.

..............................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

..........................................................................

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# BSF- RAISING DAY

સીમા સુરક્ષા દળ BSF આજે જોધપુરમાં તેનો સાઈઠમો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. પ્રથમ વખત, સીમા સુરક્ષા દળ રાજસ્થાન સીમાંત મુખ્યાલય જોધપુરમાં સ્થાપન દિવસની પરેડનું આયોજન કરી રહ્યું છે. આ વર્ષ સીમા સુરક્ષા દળનું હીરક જયંતી વર્ષ પણ છે.

.......................................................................................

# GOYAL - INDIA – NORWAY

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આજે મુંબઈમાં નોર્વેના રાજદૂત મે-એલિન સ્ટેનરના નેતૃત્વમાં નોર્વેના ઉદ્યોગ પ્રતિનિધિમંડળને મળશે. આ બેઠકમાં ભારત અને યુરોપિયન  મુક્ત વેપાર સંઘના દેશો વચ્ચે તાજેતરમાં થયેલા મુક્ત વેપાર કરાર પર મુખ્યત્વે ચર્ચા કરવામાં આવશે.

આ કરાર હેઠળ બંને પક્ષો માટે અપાર શક્યતાઓ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કહ્યું છે કે, ભારત ખાસ કરીને કરારના આધારે સંઘ દેશોમાંથી 100 અબજ ડોલરનું રોકાણ આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યું છે. બેઠક દરમિયાન, બંને પક્ષો દ્વિપક્ષીય વેપાર ભાગીદારીના તમામ પાસાઓ પર વ્યાપક ચર્ચા કરશે.

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ચર્ચા માટેના મુખ્ય મુદ્દાઓમાં તકો, પડકારો અને સરહદ પાર માળખાકીય સુવિધાઓ વધારવા, સંપર્ક વધારવા તથા ભારત અને નોર્વે વચ્ચે વેપારને સરળ બનાવવાના  પગલાંનો સમાવેશ થાય છે.

.............................................................................

# JAISHANKAR – MANAMA

વિદેશ મંત્રી એસ. જયશંકર મનામા સંવાદમાં ભાગ લેવા ગઈકાલે રાત્રે બહેરીનની  રાજધાની મનામા પહોંચ્યા હતા.

આ અગાઉ વિદેશ મંત્રીએ દોહામાં મહત્વપૂર્ણ રાજદ્વારી  વાટાઘાટોમાં ભાગ લીધો હતો. આ ભાગીદારી પ્રાદેશિક અને વૈશ્વિક પડકારોનો સામનો કરવાના ભારતના પ્રયાસોને રેખાંકિત કરે છે. બહેરીનના વિદેશમંત્રી ડો. અબ્દુલ લતીફ બિન રાશીદ અલ  જાયાનીએ શ્રી જયશંકરનું સ્વાગત કર્યું હતું.

અમારા સંવાદદાતા જણાવે છે કે, મનામામાં વિદેશ મંત્રી ડૉ. જયશંકર ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ દ્વારા આયોજિત મનામા સંવાદના 21મા એપિસોડમાં ભાગ લેશે. આ સંસ્થા મધ્ય પૂર્વ સુરક્ષા ઉકેલો અને આંતરરાષ્ટ્રીય સહયોગ માટે એક માન્ય વૈશ્વિક પ્લેટફોર્મ છે. આ વર્ષની સંવાદની થીમ પ્રાદેશિક સમૃદ્ધિ અને સુરક્ષામાં મધ્ય પૂર્વના નેતૃત્વની ભૂમિકા છે. આ સંવાદ વૈશ્વિક નીતિ નિર્માતાઓ, સંરક્ષણ અધિકારીઓ, વિદ્વાનો અને નિષ્ણાતો માટે મુખ્ય ભૌગોલિક રાજકીય પડકારોના ઉકેલો શોધવાની તક પૂરી પાડે છે.

.............................................................................

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# SYRIAN REBELS

સીરિયામાં વિદ્રોહી સેનાએ રાજધાની દમિશ્ક પર કબજો કરવા ઘેરાબંધી શરૂ કરી છે. વર્ષ 2018 બાદથી રાજધાનીને પ્રથમ વખત આવા જોખમનો સામનો કરવો પડી રહ્યો છે.

બળવાખોર સેનાના પ્રવક્તા હસન અબ્દુલ ગનીએ એક ટેલિગ્રામમાં જણાવ્યું હતું કે, દમિશ્કને કબજે કરવાના અભિયાનનો પ્રથમ તબક્કો શરૂ થઈ ગયો છે. વર્ષ 2018માં સરકારી દળોએ આ વિસ્તાર પર ફરીથી કબજો કર્યો ત્યારથી બળવાખોર દળો અત્યાર સુધી દમિશ્કની બહારના વિસ્તારો સુધી પહોંચવામાં નિષ્ફળ ગયા હતા, પરંતુ તાજેતરમાં બળવાખોર દળોએ ઇઝરાયેલની સરહદે આવેલા ક્યૂનીત્રા અને દારા વિસ્તારો પર કબજો કરી લીધો છે.

ઇઝરાયેલની સેનાએ પોતાના વિસ્તારની નજીક વધી રહેલા સંઘર્ષને ધ્યાનમાં રાખીને ગોલાન પહાડી વિસ્તાર પર પોતાની પકડ મજબૂત કરી છે.  ઈઝરાયેલ ડિફેન્સ  ફોર્સે કહ્યું કે, આ વિસ્તારમાં વધારાની સેના અને હવાઈદળની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. ગઈકાલે સાંજે ઇઝરાયેલી સેનાએ તેની સરહદ નજીકના હાદર શહેરની નજીકના હુમલાને નિવારવામાં સંયુક્ત રાષ્ટ્ર દળોને મદદ કરી હતી. દરમિયાન સીરિયાના રાષ્ટ્રપતિ કાર્યાલયે રાષ્ટ્રપતિ બશર અલ-અસદના દમિશ્ક છોડવાના અહેવાલોને નકારી કાઢ્યા છે.

..............................................................................

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# HOCKEY - ASIA CUP

ઓમાનના મસ્કતમાં રમાઈ રહેલી જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટમાં આજે ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે. ભારતીય ટીમ જ્યોતિ સિંહની કપ્તાનીમાં રમશે અને સાક્ષી રાણા ઉપ કપ્તાન હશે.

ગઈકાલે સ્પર્ધાના ગ્રૂપ-Aમાં ચીને બાંગ્લાદેશને 19-0થી જ્યારે મલેશિયાએ થાઈલેન્ડને 3-0થી પરાજય આપ્યો હતો. ગ્રૂપ-Bમાં જાપાને શ્રીલંકાને 15-0થી પરાજય આપ્યો હતો.

વર્તમાન ચેમ્પિયન ભારત પણ ગ્રૂપ-Aમાં ચીન, મલેશિયા અને થાઈલેન્ડ સાથે રમશે. ગ્રૂપ-Bમાં દક્ષિણ કોરિયા, જાપાન, ચાઈનીઝ તાઈપેઈ, હોંગકોંગ અને શ્રીલંકાની ટીમો છે.  જુનિયર એશિયા કપ એ આવતા વર્ષે ચિલીમાં યોજાનાર FIH જુનિયર વિશ્વ કપ માટે  ક્વોલિફાઇંગ સ્પર્ધા છે. ટોચની પાંચ ટીમો વિશ્વ કપમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરશે.

..........................................................................

# ASHTALAKSHMI FESTIVAL

પૂર્વ ભારતની વિવિધતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિના સન્માન માટે દિલ્હીના ભારત મંડપમ ખાતે ત્રિ-દિવસીય અષ્ટલક્ષ્મી મહોત્સવનો આજે સમાપન દિવસ છે.

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

આ કાર્યક્રમનો હેતુ આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા અને સિક્કિમની સુંદરતા અને વિવિધતા દર્શાવવાનો છે. 250 થી વધુ કારીગરોએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. ગઈકાલે પૂર્વોત્તર ક્ષેત્રના સંચાર અને કેન્દ્રિય વિકાસ મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દરેક ઉત્તર-પૂર્વીય રાજ્યની વિશેષતાઓને આગળ વધારવા અને તેને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે મદદ કરી રહ્યું છે.

..............................................................................

# SCINDIA - ASHTALAKSHMI MAHOTSAV

ઇશાન વિસ્તાર વિભાગના મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું કે, વિશ્વમાં વિકાસશીલ દેશોનું મહત્વ વધી રહ્યું છે. ત્યારે ઇશાન ભારત દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ગઈકાલે દિલ્હીમાં ઉજવાઇ રહેલા અષ્ટલક્ષ્મી મહોત્સવના ભાગરૂપે યોજાયેલા ચર્ચા સત્રમાં તેઓ બોલી રહ્યા હતા.

શ્રી સિંધિયાએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર ઇશાન ભારતના પ્રવાસન સ્થળો તેમજ કૃષિ અને બાગાયત ક્ષેત્રના ઉત્પાદનો સમગ્ર વિશ્વ સમક્ષ રજૂ કરી રહી છે. જેના ભાગરૂપે આગામી સમયમાં વિવિધ સ્થળોએ રોડ શો અને રોકાણકારોની પરિષદ યોજીને ઇશાન ભારતના આર્થિક વિકાસને સુનિશ્ચિત કરાશે. આ ચર્ચામાં મેઘાલય, સિક્કિમ અને ત્રિપુરાના મુખ્યમંત્રીઓએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, દિલ્હીના ભારતમંડપમ ખાતે યોજાઇ રહેલો અષ્ટલક્ષ્મી મહોત્સવ ઇશાન ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને કલાવારસાનો પરિચય આપે છે. આ મહોત્સવમાં ઇશાન ભારતના 250 જેટલા કલાકસબીઓએ પોતાના હસ્તકલા અને હાથશાળ ઉત્પાદનોને રજૂ કર્યા છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, મહોત્સવના ભાગરૂપે ફેશન શો, સંમેલન, વેચાણકર્તા અને ખરીદદારની બેઠકો જેવા વિવિધ કાર્યક્રમો આ ક્ષેત્રના આર્થિક વિકાસને મદદરૂપ થશે.

.............................................................................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર
## રજૂ કરે છે જયેશ વેગડા....

- INDIA ગઠબંધનમાં મતભેદ, ઢાકામાં ભગવાનની મૂર્તિની તોડફોડ, BAPS કાર્યકર મહોત્સવ અને ઠંડીમાં વધારા જેવા સમાચારોને લગભગ તમામ અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે
- ગુજરાત સમચારે - ઈન્ડિયા નું સુકાન મંતને સોંપવા મુદ્દે ગઠબંધનમાં તડાં શીર્ષક હેઠળ પ્રથમ પાનાં પર હેડ લાઇન બનાવી છે
- ફૂલછાબે મમતાને ઇન્ડિયા મોરચાના નેતૃત્વની મમત શીર્ષક હેઠળ સમાચાર પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે
- ઈન્ડિયા બ્લોકમાં બબાલ – મમતા સુકાન લેવા તૈયાર શીર્ષક સાથે નવગુજરાત સમયે મુખ્ય હેડ લાઇન બનાવી છે
- સંદેશે ઢાકામાં ભગવાનની મૂર્તિની તોડફોડ, સળગાઈ દેવાઈ મથાળા હેઠળ હેડ લાઇન બનાવી છે તો દેશમાં મેડિકલ કોલેજોની સંખ્યા 387 થી વધીને 780 થઈ ગઈ તે સમાચારને પણ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

તા. 8-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

- ઓનલાઈન ગેમના કસ્ટમરકેર માટે એક્ટિવ 55 સિમ કાર્ડ દુબઈ મોકલવાનું કૌભાંડ પકડાયાના સમાચાર દિવ્ય ભાસ્કરે પ્રકાશિત કર્યા છે.
- મહારાષ્ટ્રમાં વિપક્ષોના બહિષ્કાર વચ્ચે ફડનવીસ સહિતના ધારાસભ્યોએ શપથ લીધા અને રાહુલ ગાંધીના સરકાર આમ આદમી પર ટેક્સ વધારીને અબજોપતિઓને રાહત આપે છે તેવા સમચાર પણ પહેલા પાને નવગુજરાત સમયે પ્રકાશિત કર્યા છે.
- ફૂલછાબે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અદ્ભુત નજારો એક લાખ હરિભક્તો અભિભૂત શીર્ષક હેઠળ સમાચારને સ્થાન આપ્યું છે
- જંત્રી અંગે વાંધા સૂચનો માંતે 31 માર્ચ સુધીની મુદત આપો એવા સમાચાર ફૂલછાબે જ્યારે નવગુજરાત સમયે નવી સૂચિત જંત્રીના દર વધારા સામે રાજ્યભરમાં ભારે કચવાટ, વાંધા રજૂ કરવા 20 જાન્યુઆરી સુધી મુદ્દત શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.

******************** ******************** ********************